For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**ગળાનો દુઃખાવો અને ખાંસીના દર્દીઓમાં વધારો, 2-3 અઠવાડિયા સુધી લક્ષણો રહેતા હોવાનો તબીબોનો મત**

# કોરોના પછી બદલાઈ 'વાયરલ'ની પેટર્ન

**મોસમી** પલટાથી સુરતમાં વાયરલનો કહેર, રોજના દર્દીઓમાં છ ગણો વધારો

**દર્દીઓને** ડોશીવૈદું બંધ કરી સમયસર સલાહ લેવા સિવિલના તબીબની અપીલ

સુરતઃ હવામાનમાં અચાનક થતા ફેરફારની સીધી અસર હવે લોકોના આરોગ્ય પર જોવા મળી રહી છે. સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગળાના દુઃખાવા, વાયરલ ઈન્ફેક્શન, ખાંસી અને ઉધરસ જેવી ફરિયાદો ધરાવતા દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને ઠંડી-ગરમીના ચઢાવ-ઉતાર અને ભેજયુક્ત હવામાનને કારણે આ સમસ્યાઓ વધુ પ્રમાણમાં જોવા મળી

...અનુસંધાન પાના 9 પર

### ઘરગથ્થુ ઉપચાર પર વધુ નિર્ભરતા

મોટાભાગના દર્દીઓ શરૂઆતમાં હોસ્પિટલમાં જવાની બદલે ઘરે જ સ્વ-સારવારને પ્રાધાન્ય આપી રહ્યા છે. ગરમ પાણીના ગાર્ગલ, વરાળ લેવી, તેમજ ફાર્મસીમાંથી મળતી ઓવર-ધ-કાઉન્ટર દવાઓ દ્વારા લોકો લક્ષણો દૂર કરવાનો પ્રયાસ કરે છે. પરિણામે, હોસ્પિટલોમાં શરૂઆતના તબક્કાના કેસો ઓછા જોવા મળે છે. જોકે, જ્યારે લક્ષણો અઠવાડિયા સુધી ચાલુ રહે અને કોઈ સુધારો ન થાય ત્યારે જ દર્દીઓ તબીબી સારવાર માટે પહોંચે છે.

### ફાર્મસીઓમાં દવાઓની માંગ વધી

વાયરલના વધતા કેસોને કારણે શહેરની ફાર્મસીઓમાં પણ કફ સિરપ, વાયરલ દવાઓ અને ગળાના દુઃખાવાની દવાઓની માંગમાં વધારો નોંધાયો છે. દવાવાળાઓના કહેવા મુજબ, છેલ્લા કેટલાક દિવસોમાં ઉધરસ અને વાયરલ સંબંધિત દવાઓનું વેચાણ નોંધપાત્ર રીતે વધ્યું છે.




### મુખ્ય લક્ષણો

- ગળામાં દુઃખાવો અથવા ખરાશ
- સૂકી અથવા બલગમવાળી ખાંસી
- નાક બંધ થવું અથવા વહેતું નાક
- છીંકો આવવી
- હલકો તાવ અથવા શરીર ગરમ લાગવું
- માથાનો દુઃખાવો
- શરીર દુઃખવું અથવા થાક લાગવો
- અવાજ બેસી જવો
- ક્યારેક ગળામાં સોજો અથવા ટોન્સિલમાં સફેદ પેચ

### બચાવના ઉપાયો

- દિવસમાં અનેક વખત સાબુ-પાણીથી ઓછામાં ઓછા 20 સેકન્ડ હાથ ધોવા
- સેનિટાઇઝરનો નિયમિત ઉપયોગ કરવો
- ભીડવાળી જગ્યાએ અથવા બીમાર વ્યક્તિની નજીક હોવ તો માસ્ક પહેરવો
- આંખ, નાક અને મોંને વારંવાર હાથથી અડકવાનું ટાળવું
- વિટામિન Cયુક્ત ફળો જેમ કે નારંગી, લીંબુ, આમળા લેવાં
- ગરમ પાણી, સૂપ અને હર્બલ ટી પીવી
- રોજ 7-8 કલાક પૂરતી ઊંઘ લેવી
- ગરમ પાણીમાં મીઠું

...અનુસંધાન પાના 9 પર

# 4 વર્ષમાં સુરત કનેક્શન હોય તેવા 4 IAS અધિકારી સસ્પેન્ડ થયા

**બ્યુરોક્રસીમાં** કરપ્શનનો સડો બેફામ રીતે આગળ વધી રહ્યો હોવાની ચર્ચાથી ગરમાવો

સુરતઃ તાજેતરમાં સુરેન્દ્રનગર કલેક્ટર ડો.રાજેન્દ્ર પટેલના બિનખેતી જમીનકાંડ પછી વિતેલા ચારેક વરસથી સુરત કનેક્શન હોય તેવા ચાર સનદી અધિકારીઓની ધડાધડ સસ્પેન્સન સાથે વિકેટ પડતાં બ્યુરોક્રસીમાં ભારે ચર્ચાએ જોર પકડ્યું છે.

ગુજરાતની બ્યુરોક્રસીમાં મહત્ત્વની ગણાતી IASની પોષ્ટ ઉપર વિતેલા કેટલાંક સમયથી નહીં ભૂંસી શકાય તેવા કલંક લાગી ચૂક્યા છે. તાજેતરમાં સુરેન્દ્રનગર કલેક્ટર ડો.રાજેન્દ્ર પટેલની જમીનના બિનખેતી કૌભાંડમાં ધરપકડ પછી આ વાત વધુ સટિક સાબિત થઇ છે કે બ્યુરોક્રસીમાં કરપ્શનનો સડો બેફામ રીતે આગળ વધી રહ્યો છે. રાજ્ય સરકાર છાશવારે પારદશિર્તાના બણગા ફૂંકે છે. પરંતુ કરપ્શનની ચેનલ તૂટવાને બદલે સતત સજ્જડ બની વિકરાળ સ્વરૂપે ફેલાઇ રહી છે. સુરેન્દ્રનગર કલેક્ટરના પરાક્રમ બાદ સુરત કનેક્શન હોય તેવા અધિકારીઓની કૌભાંડમાં સામેલ હોય તેવી નામાવલિ બહાર આવી છે. બ્યુરોક્રસીમાં આજે દિવસભર આ ચર્ચાને લઇને ભરશિયાળે ગરમાવો આવી ગયો છે. સુરત કનેક્શન હોય તેવા સનદી અધિકારીઓની વાત કરીએ તો સુરતના તત્કાલિન ડીડીઓ અને સુરેન્દ્રનગર કલેક્ટર બનેલા કે.રાજેશ પણ એક જમીનકાંડમાં ભેરવાયા પછી પોલીસ ગિરફ્તમાં સપડાયા હતા. આ નામની યાદી આગળ વધારીએ તો સુરતના જ તત્કાલિન ડીડીઓ રહી ચૂકેલા રંગીન મિજાજી ગઢવી પણ આણંદ કલેક્ટર કચેરીમાં રંગરેલીયા મનાવતા વિવાદમાં આવ્યા હતા. તેવી જ રીતે સુરતના તત્કાલિન કલેક્ટર અને યુવા સનદી અધિકારી આયુષ ઓક પણ ડુમસની જમીન મેટરમાં ભારે સલવાયા હતા. તેમની સામે પણ તપાસ થઇ હતી. હજી તેમને પોસ્ટિંગ પણ અપાયું નથી. તે વેળાએ ફરી સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર પદેથી બઢતી સાથે પહેલી વહેલી વખત સુરેન્દ્રનગરના કલેક્ટર બનેલા ડો.રાજેન્દ્ર પટેલ પણ જમીનકાંડમાં ઇડીના સપાટામાં આવી જતા તરેહ તરેહની ચર્ચા અને વિવાદથી ભરેલા અનોખા સંયોગની વાતો સાંભળવા મળી છે.

**VIP રોડના અકસ્માતમાં ગુનો નોંધવા FSLના રિપોર્ટની રાહ**

# બંને નબીરાએ દારૂ પીને VIP રોડ પર કારની રેસ કરી હતી

**બે** નબીરાના રિપોર્ટ આલ્કોહોલ નેગેટિવ આવતાં પોલીસે બંનેની ધરપકડ કરી

**અકસ્માત** સમયે અને તે પહેલા બંને કારની સ્પીડ પર સમગ્ર તપાસનો દારોમદાર

સુરતઃ વીઆઈપી રોડ ઉપર સ્વીફ્ટ ડિઝાયર કારને એક પછી એક બીએમડબલ્યુ અને મહિન્દ્રા બીઇ-6 કારે અડફેટમાં લેતા ત્રણેય કારના કચ્ચરઘાણ નીકળી ગયા હતા. સ્વીફ્ટ ડિઝાયર કારમાં દોઢ મહિનાના બાળકને ફીડીંગ કરાવી રહેલી માતાને મણકામાં માર વાગતા તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પોલીસે આ ગનામાં બીઇ-6 અને બીએમડબલ્યુ કારના ચાલક સહિત ત્રણ નબીરાની અટક કરી હતી.

જેમાં મહિન્દ્રા કારનો ચાલક નશામાં ડ્રાઇવ કરતો હોવાથી તેના વિરુદ્ધ ડ્રીંક એન્ડ ડ્રાઇવનો કેસ કરી, જ્યારે બી.એમ.ડબલ્યુ કારના ચાલકનો રિપોર્ટ નેગેટિવ આવતા તેના વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી ધરપકડ કરી છે. પોલીસે અકસ્માત સર્જનાર કાર મામલે FSLની મદદ લીધી છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ વધુ કાર્યવાહી કરશે.

ગુરૂવારે મધરાત્રે ૧ વાગ્યે વેસુ, વીઆઇપી રોડ પર ફાયર સ્ટેશન પાસેના ત્રણ રસ્તા પર ડુમસ તરફથી આવતી મહિન્દ્રાની

...અનુસંધાન પાના 9 પર

### એશાબેનને કમરના મણકામાં ગંભીર ઈજા


એશાબેન કારની પાછલી સીટ પર બાળકને સ્તનપાન કરાવતા હતા. અકસ્માતમાં તેઓ પાછલી સીટ પરથી ઉછળીને આગલી સીટ પર ઘસી ગયા હતા. આ અકસ્માતમાં માસૂમ બાળકનો અદ્ભૂત બચાવ થયો હતો. જો કે એશાબેનને કમરના મણકાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમને પ્રાથમિક સારવાર માટે સિવિલ લઈ જવાયા બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયા છે. પોલીસે તેમની ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી હતી.

### FSL રિપોર્ટ બાદ લાઇસન્સ રદ કરવા RTOને તેમજ ઈન્સ્યોરન્સ કંપનીને રિપોર્ટ કરી શકાશે

અકસ્માત કઈ રીતે થયો અને બંનેમાંથી કઈ કારનો ચાલક જવાબદાર છે, અને બંને કાર કેટલી સ્પીડમાં હતી તેની સચોટ માહિતી મેળવવા માટે વેસુ પોલીસે FSL ( Forensic Science Laboratory )ની મદદ લીધી છે. FSLનો રિપોર્ટ આવ્યા બાદ પોલીસ જવાબદાર ચાલક વિરુદ્ધ વધુ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે. જો રિપોર્ટમાં બંનેની કારની ઓવરસ્પીડ આવશે તો લાયસન્સ રદ કરવા આરટીઓમાં અને ઇન્સ્યુરન્સ કંપનીને રિપોર્ટ પણ કરાશે.

**મેરેથોન સ્પર્ધા છતાં કાર્યક્રમ સ્થળે મેડિકલ ટીમ હાજર ન હતી**

# ઉમરગામની 15 વર્ષીય વિદ્યાર્થિનીનું મેરેથોન દોડ બાદ શંકાસ્પદ મોત



**દોડ** પૂરી થઈ ને તુરંત શ્વાસ ફૂલવા લાગ્યો, તબિયત લથડી, હોસ્પિટલ ખસેડાઈ પરંતુ જીવ બચાવી શકાયો નહીં

**તબીબોને** હાર્ટ એટેકની શંકા, પરિવારજનોએ સ્પર્ધાની આયોજક શાળા સામે બેદરકારીનો આરોપ લગાડ્યો

ઉમરગામઃ હાર્ટ એટેકના વધતા જતા બનાવોએ વધુ એક આશાસ્પદ જિંદગી છીનવી લીધી છે. ઉમરગામ સોળસુંબા ગામને અડીને મહારાષ્ટ્રના વેવજી ખાતે સ્કૂલમાં અભ્યાસ કરતી એક 15 વર્ષીય વિદ્યાર્થીનીએ મેરેથોન દોડમાં ભાગ લીધો હતો. દરમિયાન અચાનક તેની તબિયત લથડતા હાર્ટ એટેકથી મોત થયાની આશંકા છે. પરિવારજનોએ સ્કૂલ ઉપર વાપરવાહીનો આરોપ લગાવ્યો છે.

ઉમરગામ તાલુકાના ઉમરગામ કાકરીયા મોરા સોળસુંબા ગામે રહેતા ગોસ્વામી પરિવારની 15 વર્ષથી દીકરી રોશની ગોસ્વામી મહારાષ્ટ્રના વેવજી ગામે લોકમાન્ય ભારતીય એકેડમી સ્કૂલમાં ધોરણ 10માં અભ્યાસ કરતી હતી. સ્કૂલ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ 5 કિ.મી મેરેથોન દોડનું આયોજન કરાયું હોવાથી તેણે પણ ભાગ લીધો હતો. સવારે પરિવારના આશીર્વાદ લીધા બાદ દોડ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જો કે દોડ પૂરી થયા પછી શ્વાસ ફુલતા અચાનક તબિયત લથડી હતી અને ઉમરગામ ગાંધીવાડી ખાતે રેફરલ હોસ્પિટલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. ડોક્ટરના જણાવ્યા પ્રમાણે આ વિદ્યાર્થીનીનું હાર્ટ બંધ થઈ ગયું હતું. તેઓએ સીપીઆર અને ઈન્જેક્શન આપી ઘણી કોશિશ કરી હતી, પરંતુ જીવ રોશનીનો જીવ બચાવી શકાયો ન હતો. ડોક્ટરોએ હાર્ટ એટેકથી મોત થયાની હાલમાં તો આશંકા વ્યક્ત કરી છે. બનાવ અંગે મહારાષ્ટ્ર પોલીસે અકસ્માત મોત નોંધી મૃતદેહનું પીએમ કરાવવામાં આવ્યું છે. પીએમ રિપોર્ટ બાદ જ મોતનુ સાચું કારણ બહાર આવશે.

### હોસ્પિટલ લઈ જવામાં સમય કેમ બગાડાયો? પરિજનોનું આક્રંદ

અચાનક દીકરીના મોતથી પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે. પરિવારજનોમાં તથા સ્કૂલમાં દુઃખની લાગણી પ્રસરી જવા પામી છે. આ તરફ પરિવારજનો સ્કૂલ સામે લાપરવાહીનો આરોપ લગાવી રહ્યા છે. કાર્યક્રમ સ્થળે મેડિકલ ટીમ કેમ હાજર ન રખાઈ? એમ્બ્યુલન્સમાં લઈ જવાના બદલે ખાનગી કારમાં કેમ લઈ જવાઈ? અને હોસ્પિટલ લઈ જવામાં સમય કેમ બગાડવામાં આવ્યો? વિગેરે સવાલો પરિવારજનો ઉઠાવી રહ્યા છે.

# સુંવાલી દરિયાકિનારે ત્રિ-દિવસીય 'સુંવાલી બીચ ફેસ્ટિવલ-૨૦૨૬'નું ભવ્ય આયોજન

**તા. ૯** થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સંગીત, સંસ્કૃતિ, રમતો અને દરિયાઈ મોજમસ્તીનો અનોખો સંગમ

સુરતઃ ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુરત નજીક આવેલા સુંવાલી દરિયાકિનારે આગામી તા. 9 થી 11 જાન્યુઆરી દરમિયાન ત્રિ-દિવસીય 'સુવાલી બીચ ફેસ્ટિવલ-2026@ નું આયોજન કરવામાં આવ્યું છે.

બીચ ફેસ્ટિવલના આયોજન અને તૈયારીના ભાગરૂપે ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈની ઉપસ્થિતિ અને જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ફેસ્ટિવલને સફળ

...અનુસંધાન પાના 9 પર

### સુરક્ષા અને વ્યવસ્થા પર ખાસ ભાર : ડો. સૌરભ પારધી

જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધી દ્વારા તમામ તૈયારીઓની સમીક્ષા કરી સંબધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે કાર્યક્રમ દરમિયાન

...અનુસંધાન પાના 9 પર

| | |
|---|---|
| ફાયર બ્રિગેડ | આરોગ્ય ટીમો |
| તરવૈયાઓ | ટ્રાફિક પોલીસ |
| એમ્બ્યુલન્સ | પાર્કિંગ વ્યવસ્થા |

### આ રોડ વન-વે રહેશે

બીચ ફેસ્ટિવલ દરમિયાન ટ્રાફિક જામની સમસ્યા નિવારવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી

...અનુસંધાન પાના 9 પર

### ગાયક કલાકારોની રમઝટ

| | | |
|---|---|---|
| 9 જાન્યુઆરી | ઓસમાણ મીર, આમીર મીર | સાંજે 6.30 |
| 10 જાન્યુઆરી | ભૂમિ ત્રિવેદી | સાંજે 6.30 |
| 11 જાન્યુઆરી | સાંત્વની ત્રિવેદી | સાંજે 6.30 |

**નવા વર્ષની પ્રથમ પૂનમે આકાશમાં રચાયો અદભૂત સંયોગ**

# આકાશમાં દેખાયો સુપરમૂન

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વર્ષ 2026 ની શરૂઆત ખગોળપ્રેમીઓ અને વિજ્ઞાન રસિકો માટે યાદગાર રહેવાની છે. આજે શનિવારે 3 જાન્યુઆરીએ અવકાશમાં એક વિરલ ખગોળીય ઘટના જોવા મળી હતી. આ દિવસે વર્ષની પ્રથમ પૂર્ણિમા એટલે કે વુલ્ફ મૂન રાત્રિના આકાશમાં ચમકશે અને સાથે જ પૃથ્વી સૂર્યની સૌથી નજીક પહોંચશે. જાન્યુઆરી મહિનામાં આવતી પ્રથમ પૂર્ણિમાને પશ્ચિમી દેશોમાં અને ખગોળશાસ્ત્રમાં વુલ્ફ મૂન તરીકે ઓળખવામાં આવે છે. આ નામ પાછળ એક રસપ્રદ ઈતિહાસ છે. પ્રાચીન સમયમાં, શિયાળાની કડકડતી ઠંડીમાં ઉત્તર ગોળાર્ધમાં ખોરાકની શોધમાં નીકળેલા વરુઓનો અવાજ રાત્રે વધુ સાંભળવા મળતો હતો. આ કારણોસર જાન્યુઆરીની પૂનમને વુલ્ફ મૂન નામ આપવામાં આવ્યું હતું.

### 15થી 20 દિવસ સુધી ઠંડી રહેવાની ખૂબ જ સંભાવના



"પોષી પૂનમનો ચંદ્રમાં સુપર મૂન છે, પહેલી તારીખે ચંદ્ર પૃથ્વીની ખૂબ જ નજીક હતો અને આજે પૂર્ણિમા માતા અંબા ના પ્રાગટ્ય દિવસે ચંદ્રમાં ખૂબ નજીક આવી ગયો હતો. તેને કારણે તે સામાન્ય કરતાં વધારે પ્રકાશિત અને વધારે મોટો દેખાયો હતો. સુપર મૂનને કારણે દરિયામાં ઘણી મોટી ભરતી આવવાની સંભાવના પૂરેપૂરી રહેશે. એટલે માછીમારો એ દરિયો ખેડતી વખતે સાવધ રહેવું ખૂબ જરૂરી છે .બીજી અગત્યની વાત કે આજે સૂર્યથી પૃથ્વી ખૂબ જ નજીક છે. ફક્ત 14 કરોડ 70 લાખ કિલોમીટર દૂર છે, સૂર્ય નજીક હોવા છતાં આપણે ત્યાં ઠંડી હશે કારણ કે આપણો ઉત્તર ગોળાર્ધ સૂર્યથી દૂરની દિશામાં નમેલો છે. એટલે હજી 15 થી 20 દિવસ સુધી ઠંડી રહેવાની ખૂબ જ સંભાવના જણાઈ રહી છે.

-દિવ્ય દર્શન પુરોહિત,ખગોળવીદ,ગુરુદેવ વેધશાળા

# ઝેરી કચરાના ગેરકાયદે નિકાલનો નવો કીમિયો

**આલ્ફા** હોટલની પાછળ ઝેરી કેમિકલવાળી ટેન્ક બિનવારસી મળી આવતાં GPCB અને પોલીસ દોડતી થઈ

**ટેન્કમાં** ઝેરી કચરો સંગ્રહ કરી રાતના અંધારામાં ધીરે ધીરે ખુલ્લામાં ઠાલવી દેવાતો હતો

સુરતઃ સુરતની પાંડેસરા જીઆઈડીસી બાદ હવે કેમકિલ માફિયાઓએ સચિન તરફ દેખા દીધી છે. સચિન આલ્ફા હોટેલ પાછળથી ઝેરી કેમિકલવાળી સ્ટોરેજ ટેન્ક બિનવારસી હાલતમાં મળી આવતા જીપીસીબી અને પોલીસે તપાસ આદરી છે.



સુરત શહેરમાં પાંડસેરા અને સચિન જીઆઈડીસીને બદનામ કરનારી કેમિકલ માફિયાઓની કાર્ટેલ ફરી એકિટવ થઈ છે. સુરત બહાર વાપી, ભરૂચ અને અંકલેશ્વર સહિત પાડોશી મહારાષ્ટ્રની જીઆઈડીસીમાંથી ઝેરી રસાયણો સુરતની ખાડીમાં ઠાલવવામાં આવી રહ્યા છે. થોડા સમય પહેલા પાંડેસરા પાસે ખાડીમાં કેમિકલ છોડતા માફિયાઓની કરતૂત પકડાઈ હતી. કેમિકલ માફિયાઓને લીધે નિર્દોષ લોકોના જીવ ગયા હતા.

આ ઘટના પછી છુટાછવાયા અનેક

...અનુસંધાન પાના 9 પર

### સચિન અને પાંડેસરામાં સફેદ ઝભ્ભા પહેરી નેતાના નામે ચરી ખાનારાઓ પણ કેમિકલ માફિયા સાથે હોવાની વાત

સુરત શહેરની સચિન અને પાંડેસરા જીઆઇડીસીમાં વ્હાઇટ કલરના ઝભ્ભા પહેરી પોતાને નેતા ગણાવતા તત્વોએ પણ કેમિકલ માફિયાઓની કાર્ટેલ સાથે હાથ મિલાવી દીધા છે. પાંડેસરા અને સચિન જીઆઇડીસી વિસ્તારમાં અનેક કંપનીના માલિકોમાં આ મામલે ગણગણાટ સંભળાઇ રહ્યો છે. વારે તહેવારે ઇન્ડસ્ટ્રીમાં કલેકશન કરવા દોડી આવતા આ નેતાના નામે બડાઇ હાંકતા તત્વોની પણ પોલીસ તપાસ કરે તો મોટું રેકેટ બહાર આવી શકે છે. કહેવાય છે કે સચિન અને પાંડેસરા વિસ્તારમાં રાતના અંધકારમાં આ નેતાજીની એક ટીમ ઉતરી પડે છે અને છૂટથી બહાર આવેલું ઝેરી કેમિકલ ખુલ્લામાં છોડી દે છે.


સેલ 55% ડિસ્કાઉન્ટ
ગ્રેનામાઈટ ટાઈલ્સ
એક્સપોર્ટ ક્વોલીટીની, હોલસેલના ભાવે
(ગોડાઉન ખાલી કરવાનું હોવાથી)
Limited Stock : 2 લાખ sq.ft.
Size: 8x4 ft, 6x4 ft, 4x4 ft,
કોન્ટેક્ટ - 98980 76797


### શ્રી સુરતની મોઢ દશા ધોધવા અમદાવાદી વણિક-જ્ઞાતિ પંચ અવસાન



સ્વ. વિભૂતીબેન દેવેન્દ્રભાઈ કાપડિયા
સ્વ.તા.૦૩/૦૧/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા માતૃશ્રી વિભૂતીબેન દેવેન્દ્રભાઈ કાપડિયા તા.૦૩/૦૧/૨૦૨૬, શનિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેઓની સ્મશાન યાત્રા તા.૦૪/૦૧/૨૦૨૬, રવિવાર ના રોજ સવારે ૮.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાનેથી જહાંગીરપુરા કુરૂક્ષેત્ર સ્મશાનગૃહે જશે. સદ્ગતનું બેસણું તા.૦૪/૦૧/૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન જીવન વિકાસ ટ્રસ્ટ, ગુજરાત ગેસ કંપનીની બાજુની ગલીમાં, અડાજણ, સુરત ખાતે રાખેલ છે.

લિ.શોકાતુર : સ્વ.દેવેન્દ્રભાઈ મનસુખલાલ કાપડિયા

ઉર્મેશ દેવેન્દ્રભાઈ કાપડિયા | નૂતન ઉર્મેશભાઈ કાપડિયા
સ્વ.મયંક દેવેન્દ્રભાઈ કાપડિયા | નિલમ મયંકભાઈ કાપડિયા
ભાવિન દેવેન્દ્રભાઈ કાપડિયા | નીશા ભાવિનભાઈ કાપડિયા
દીપ ઉર્મેશભાઈ કાપડિયા | અવની દીપભાઈ કાપડિયા

કુશ, લબ્ધિ, શાશ્વતકુમાર, રાજ્ઞી, આજ્ઞા, ત્રિશીકા

નિવાસસ્થાન : બી-૬૦૩, મણિરત્નમ એપાર્ટમેન્ટ, ડી માર્ટ પાસે, ગુજરાત ગેસ રોડ, અડાજણ, સુરત. મો.૯૮૨૫૯ ૧૭૮૫૯


અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


### વીસમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



મર્હુમ દારબશા દિનશાજી ઈચ્છાપોરીયા
(ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લિ. રિટાયર્ડ- કર્મચારી)
સ્વ.તા. ૦૪/૦૧/૨૦૦૬

WE MISS YOU PAPPA

મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી,
ના માંગતા બધું આપ્યું તમે, ન કહેતા બધું કર્યું છે તમે,
અમારા પ્રેમ અને સંસ્કારનું સિંચન કર્યુ છે તમે,
કદી પિતાના રૂપે તો કદી મિત્ર સ્વરૂપે,
તમારો હાથ અમારી ઉપર છે સદા આર્શીવાદ રૂપે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના...

લિ. મહેરૂ દારબશા ઈચ્છાપોરીયા
યઝદી દારબશા ઈચ્છાપોરીયા
(એડવોકેટ એન્ડ નોટરી ભારત સરકાર)
રૂમી દારબશા ઈચ્છાપોરીયા
બેરોઝ યઝદી ઈચ્છાપોરીયા
રાધા રૂમી ઈચ્છાપોરીયા
નુશીન – ટીઆના – નોઝાદ

### પંદરમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ




સ્વ. રમેશચંદ્ર ચુનીલાલ હલવાવાલા
જ. તા. ૩/૪/૧૯૪૨
સ્વ. તા. ૪/૧/૨૦૧૧

સર્વસ્વનું સમર્પણ તમે પ્રભુ ચરણે કર્યું
આનંદ પૂર્વક હસતા હસતા જીવન સાર્થક કર્યું.
સમજણ ને સંતોષથી પ્રભુ વિશ્વાસે જીવન પૂર્ણ કર્યું.
સૌને સેવા સમર્પણ નો રાહ બતાવી મહા પ્રસ્થાન કર્યું....
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે
એજ અમારી પ્રાર્થના..

લિ. હલવાવાલા પરીવાર
ન્યુ રમેશ મીઠાઈ
મધુરમ, ભટાર ચાર રસ્તા, સુરત. મો.નં. : ૯૯૦૪૨ ૩૫૧૦૦

### શ્રદ્ધાંજલિ



સ્વ. અંબેલાલ પરસોત્તમભાઈ રોહિત
સ્વ. તા. ૩૦-૧૨-૨૦૨૫

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા,
આપનો પ્રેમ-સ્નેહ કદી ભૂલાશે નહિ,
ખોટ આપની કદી પુરાશે નહિ.

સદગતનું અવસાન તા.૩૦-૧૨-૨૦૨૫ના મંગળવારે થયેલ છે.
સદગતની ઉત્તરક્રિયા તા. ૧૧-૦૧-૨૦૨૬ના રવિવારે, સવારે-૯.૩૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે.

સ્થળ: ૬-C/ સરીતા નગર સોસાયટી, વ્યારા, જી. તાપી. મો. ૯૮૨૫૪ ૨૨૮૯૧

શોકાતુર પરિવાર:
શ્રી હેમંત અંબેલાલ ચૌહાણ (પુત્ર)
શ્રી દિપક અંબેલાલ ચૌહાણ (પુત્ર)
ચિ. વેદાંત દિપક ચૌહાણ (પૌત્ર)
ચિ. મોહિત દિપક ચૌહાણ (પૌત્ર)

### આઠમી પુણ્યતિથિએ વ્હાલી દિકરીને શ્રદ્ધાંજલિ



સ્વ. કનિષ્કા કૌશલ ઠક્કર
સ્વ. તા. ૦૪-૦૧-૨૦૧૮

નિત્ય અમારા મનમાં...
નિરંતર અમારા હૃદયમાં...,
કિરણ બની સૂર્યપ્રકાશ છોડી ગઈ,
ઝરણું બની સાગરમાં સમાઈ ગઈ,
ભુલી ના શકાય તેવી યાદોના
સ્મરણ છોડી ગઈ,
સર્વસ્વથી અધિક આપી
સહજ રીતે સરી ગઈ,
તારૂ નિર્દોષ નિખાલસ જીવન
અમોને સદૈવ યાદ રહેશે.
પ્રભુ તારા નિર્મળ આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ. ગં.સ્વ. લલીતાબેન વસંતલાલ ઠક્કર (પરદાદી)
સ્વ. દિલીપભાઈ વસંતલાલ ઠક્કર (દાદા)
ગં.સ્વ. ચંદ્રીકાબેન દિલીપભાઈ ઠક્કર (દાદી)

કૌશલ દિલીપભાઈ ઠક્કર (પિતા) | સ્વ. નેન્સી કૌશલ ઠક્કર (મમ્મી)
કરણ દિલીપભાઈ ઠક્કર (મોટા પપ્પા) | બિનીતા કરણ ઠક્કર (મોટા મમ્મી)
કૃણાલ દિલીપભાઈ ઠક્કર (કાકા) | ભાવિકા કૃણાલ ઠક્કર (કાકી)

મોનાર્ક, દક્ષ, વંશ, રેયાંશ (ભાઈ)
સમસ્ત ઠક્કર પરિવારનાં જય ભોલેનાથ